# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/049 Dt. 16/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ જાહેર કરેલ એનર્જી બેન્કીંગના નિયમમાં વધુમાં વધુ ૩૦ ટકા બેન્કીંગના ઓર્ડર પર ગુજરાત હાઇ કોર્ટ દ્વારા ઈન્ટરીમ સ્ટે અપાયો

**સુરતઃ** તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજથી રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે એનર્જી બેન્કીગમાં ગ્રાહકના કુલ વપરાશમાંથી વધુમાં વધુ ૩૦ ટકા બેન્કીંગની સુવિધા મળી રહે તેવો ઓર્ડર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. ગુજરાત ઉર્જા વિકાસ નિગમનો આ ઓર્ડર કેન્દ્ર સરકાર દ્વારા જારી કરેલ Electricity (Promoting Renewable Energy Through Green Energy Open Access) Rules, 2022 ના રૂલ ૮ ના પ્રાવધાનના વિરૂદ્ધ છે એવો મત તમામ ઉદ્યોગકારોનો હતો.

આ ઓર્ડરને કારણે ઘણા ઉદ્યોગકારો જેમાં ખાસ કરીને રોકાણકારો આર્થિક મુશ્કેલીમાં આવી ગયા હતા. આ ઓર્ડરના કારણે જે કઇ પણ ઔદ્યોગિક ગ્રાહકો દ્વારા ગ્રીન એનર્જી ઓપન એકસેસ રૂલ્સ ૨૦૨૨ હેઠળ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ પહેલા નોંધણી થયેલા તેમજ સ્થપાયેલા રિન્યુએબલ એનર્જી પ્રોજેકટ ઘણી મોટી આર્થિક મુશ્કેલીમાં આવી ગયા હતા, આથી આ સંદર્ભે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા ઘણી વખત રાજ્ય સરકારને રજૂઆતો કરાઇ હતી.

ઉપરોક્ત બાબતે વિશાલ ફાઉન્ડ્રી નામના એક ઔદ્યોગિક ગ્રાહકે ગુજરાત હાઇ કોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લીકેશન નંબર ૬૭૩૦ ઓફ ૨૦૨૫ મુજબ અપીલ કરી હતી. જે અપીલ સંદર્ભે નામદાર ગુજરાત હાઇ કોર્ટ

દ્વારા તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ ઓરલ ઓર્ડર મુજબ ગુજરાત ઉર્જા વિકાસ નિગમના તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ના પત્ર નં. GUVNL/0079/08/2024 દ્વારા જાહેર કરાયેલા એનર્જી બેન્કીંગ નિયમ અંગે તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ઇન્ટરીમ સ્ટે આપવામાં આવ્યો છે.

ઉપરોકત ઓર્ડરમાં નામદાર ગુજરાત હાઇ કોર્ટ દ્વારા ગુજરાત ઉર્જા વિકાસ નિગમના એનર્જી બેન્કીંગ નિયમને સ્ટે આપવામાં આવ્યો છે. નામદાર ગુજરાત હાઇ કોર્ટ દ્વારા ખાસ કરીને તેના ઓર્ડરમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગુજરાત ઉર્જા વિકાસ નિગમનો તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજના ઓર્ડર કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરેલ ગ્રીન એનર્જી ઓપન એકસેસ રૂલ્સ ૨૦૨૨ના રૂલ નંબર ૮ ના જોગવાઈની વિરૂદ્ધ છે.

ઉપરોકત ઓર્ડર ગુજરાત હાઈ કોર્ટ દ્વારા તા. ૧૯ જૂન ૨૦૨૫ના રોજ જારી કરેલ ઓર્ડરનો લાભ ગુજરાતના તમામ ઉદ્યોગકારો કે જેઓએ પોતાનો પ્રોજેકટ તા. ૩૧ ઓગષ્ટ ૨૦૨૪ પહેલા રજિસ્ટર્ડ કરેલ હોય અથવા ચાલુ કરેલ હોય તેઓને થશે. હાલ આ સ્ટે ઇન્ટરીમ છે, જેની વધુ સુનાવણી તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ કરાશે.